**રેગ્યુલર દીવાની દાવા નંબર : ૪૩/૧૮**

**<u>આંક–પ લગત હુકમ :–</u>**

**(૧)** વાદીએ આ કામના પ્રતિવાદી સામે ડેકલેરેશન તથા કાયમી તાકીદ મેળવવા હાલનો દાવો લાવેલ છે અને દાવાના કામે વચગાળાનો મનાઈ હુકમ મેળવવા હાલની અરજી કરી છે.વાદીની મનાઈ અરજીની ટુંકમા હકીકત એવી છે કે વાદીઓ ની જમીન વાંકાનેર તાલુકાના તીથવા ગામની સીમમાં સર્વે નંબર. ૧૩૧ ૭/૪ પૈકી ૨,૩૬૪/૨ પૈકી૧,૧૩૧૭/૪ પૈકી ૧,૧૩૧૫/૪ ,૧૩૧૫/૨ ની આવેલ છે,(જેને હવે પછીથી દાવાવાળી જમીનો તરીકે સંબોધવામા આવશે) જે જમીનો વાદીઓએ તેમના ખેતરમા આંતરીક હાલ ચાલના રસ્તા તેમના પુરતો જ ચોતરફ રાખેલ છે. અને આ રસ્તમા પ્ર તિવાદીને ચાલવાનો કોઈ હકક અધિકાર નથી.

પ્રતિવાદીએ તા.૧૫.૦૪.૭૭ ના અદલા બદલા દસ્તાવેજથી ખેતીની જમીન સર્વે નંબર ૧૩૧ ૭/૩ ,ખરીદ કરેલ છે અને તે દસ્તાવેજમા સ્પષ્ટ જણાવ્યા મુજબ અમરસરથના સીમાળે થઈ તેમના ખેતરમા આવી જઈ શકાય છે અને આ જ રસ્તે પ્રતિવાદી વરસોથી આવ જા કરે છે અને ચાલે છે. આ કામના પ્રતિવાદી તેમના રસ્તેથી નહી ચાલતા અમારા આંતરીક રસ્તાથી ચાલતા હોય તે માટે હાલનો દાવો લાવેલ છે.

**(૨)** આ કામે પ્રતિવાદીઓને વાદીના દાવાનો તથા મનાઈ અરજીનો સમન્સ–નોટીશ બજતા દવાના કામે હાજર રહી આંક–૧૩ થી જવાબ રજુ કરી વાદીના દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતોનો ઈન્કાર કરી વાદીની જમીનમા તેમનો બાય વે ઓફ નેસેસીટી થી રસ્તો આવેલ હોવાનુ તથા તેમના વેચાણ દસ્તાવેજમા પણ પ્રતિવાદીના જણાવ્યા મુજબનો રસ્તો આવેલ હોવાનુ જણાવે છે. વધુમા મામલતદાર સાહેબ દવારા પણ કેસ નંબર ૧૮/૧૭ ના હુકમ મુજબ પ્રતિવાદીના જણાવ્યા મુજબનો રસ્તો ખુલ્લો કરાવેલ હોય વાદીએ મામલતદાર સાહેબના હુકમનુ પાલન ન કરવુ પડે તે માટે હાલનો ખોટો દાવો કરેલ હોય હાલની અરજી રદ કરવા તેમના જવાબમા જણાવેલ છે.

**(૩)** આ કામે વાદીએ પોતાની હકીકત પુરવાર કરવા આંક–૩ ના લીસ્ટથી માર્ક ૩/૧ થી માર્ક ૩/૨ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડ, માર્ક ૩/૩ થી પ્રતિવાદીનો દસ્તાવેજ, માર્ક ૧૦/૨ થી પંચનામુ, માર્ક ૧૦/૩ થી નકશો રજુ થયેલ છે. તથા પ્રતિવાદી તરફ થી માર્ક ૧૮/૧ થી ૧૮/૧૦ સુધીના દરસ્તાવેજો રજુ કરેલા છે.

**(૪)** આ કામે વાદી આંક–પ ની સુનાવણીના તબકકે હાજર નહી રહેતા વાદીની હાલની અરજીની દલીલોનો હકક બંધ કરી વાદીની આંક–પ ની અરજી મુજબની દલીલ હોવાનુ અનુમાન કરેલ છે. જયારે

પ્રતિવાદી તરફે એવી દલીલ કરવામા આવી છે કે વાદીએ હાલનો દાવો તેમના આંતરીક રસ્તામા પ્રતિવાદીના રસ્તાનો કોઈ હકક નથી તે આધારે અરજી કરવામા આવી છે પણ મામલતદાર કોર્ટ દવારા વાદીની જમીનમા પ્રતિવાદીનો રસ્તો હોવાનુ અને તે રસ્તો ખુલ્લો કરવા હુકમ કરવામા આવેલ છે. આમ પ્રતિવાદીનો તેમના બચાવ મુજબનો રસ્તો આવેલ હોય હાલની અરજી રદ કરવા દલીલ કરી છે

(૫) મનાઈઅરજીનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

–:: મુ દ્દા ઓ ::–

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

(૨) શું સગવતા અને અગવડતાની સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદીને તેની માંગણી મુજબનો દાવો ચાલતા દરમ્યાનનો કામચલાઉ વચગાળાનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમા

(૩) નકારમા

(૪) આખરી હુકમ પ્રમાણે.

(૬) ઉપરોકત નીર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે.

ઉપરોકત ત્રણેય મુદ્દાઓની હકીકત પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, મુદ્દાનં.(૧) થી (૩) ની ચર્ચા હકીકતોનું પુર્નરાવર્તન ટાળવાના હેતુથી એકસાથે કરવામાં આવેલ છે. વાદીની મનાઈ અરજીની હકીકતો તથા દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતા વાદીનુ કથન છે કે વાદીની જે જમીનો વાદીઓએ તેમના ખેતરમા આંતરીક હાલ ચાલના રસ્તા તેમના પુરતો જ ચોતરફ રાખેલ છે. અને આ રસ્તમા પ્રતિવાદીને ચાલવાનો કોઈ હકક અધિકાર નથી. પ્રતિવાદીએ તા.૧૫.૦૪.૭૭ ના અદલા બદલા દસ્તાવેજથી ખેતીની જમીન સર્વે નંબર ૧૩૧૭/૩, ખરીદ કરેલ છે અને તે દસ્તાવેજમા સ્પષ્ટ જણાવ્યા મુજબ અમરસરથના સીમાળે થઈ તેમના ખેતરમા આવી જઈ શકાય છે અને આ જ રસ્તે પ્રતિવાદી વરસોથી આવ જા કરે છે અને ચાલે છે. આ કામના પ્રતિવાદી તેમના રસ્તેથી નહી ચાલતા અમારા આંતરીક રસ્તાથી ચાલતા હોય તે માટે હાલનો દાવો લાવેલ છે. આમ વાદીની અરજીની હકીકત ઘ્યાને લેતા વાદીનુ કહેવુ છે કે વાદીની દાવાવાળી જમીનમા આ કામના પ્રતિવાદીને રસ્તાનો કોઈ હકક અધિકાર નથી. જયારે પ્ર

તિવાદીના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આ કામના પ્રતિવાદીએ મામલતદાર કોર્ટ એકટની કલમ–૫ મુજબ મામલતદાર કોર્ટમા કેસ નંબર–૧૮/૧૭ થી દાવો દાખલ કરતા પ્રતિવાદીની તરફેણમા હુકમ કરેલ છે અને તેમા પ્રતિવાદીના બચાવ મુજબનો રસ્તો હોવાનુ અને તે રસ્તો ખુલ્લો કરવા હુકમ કરવામા આવેલ છે.વધુમા પ્રતિવાદીના દસ્તાવેજમા પણ પ્રતિવાદીના બચાવ મુજબનો રસ્તો હોવાનુ પ્રાથમીક રીતે ફલીત થાય છે. એવા સંજોગોમા વાદીની અરજીની હકકીત મુજબ વાદીના જણાવ્યા મુજબ નો પ્રતિવાદીનો કોઈ રસ્તો આવેલ ન હોવાની હકીકત આ અરજીના નિર્ણય તબકકે વાદી પુરવાર કરી શકેલ ન હોય વાદી તેમનો પ્રથમ દર્શિનીય કેસ પુરવાર કરી શકેલ નથી અને જયારે વાદી તેમનો પ્રથમ દર્શિનીય કેસ જ પુરવાર કરી શકેલા ન હોય ત્યારે સગવડતા અગવડતાનુ ધોરણ વાદીની તરફેણમા હોવાનુ અને જો મનાઈ હુકમ નહી આપવામા આવે તો વાદીને નાંણાથી પણ ભરપાઈ ન થાય તેવુ નુકશાન જાય તેમ છે તે હકીકત પણ પુરવાર કરી શકેલા નથી આથી ન્યાયના હીતમા નીચ મુજબ હુકમ કરવામા આવે છે.

***–:: હુકમ ::–***

વાદીની આંક–૫ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજરોજ તારીખ–૧૦,માહે.સપ્ટેમ્બર, સને–૨૦૧૮નાં રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૦.૦૯.૨૦૧૮

વાંકાનેર

(ભરતકુમાર વિઠ્ઠલભાઈ પરમાર)
પ્રિન્સીપાલ સીનીચર સીવીલ જજ,વાંકાનેર.
કોડ નં જી.જે.૦૦૯૩૯.